# સુરત મહાનગર સેવાસદન
## આરોગ્ય વિભાગ તરફથી આપવામાં આવતા પરવાનાની વિગત

૧. ખાદ્ય પદાર્થ ભેળસેળ પ્રતિબંધક ધારો–૧૪૫૪ હેઠળનો પરવાનો
Prevention at food adulteration act. 1954
ડે.કમિશ્નર (હેલ્થ અને હોસ્પીટલ)
અને લાયસન્સીગ ઓથોરીટી
સુરત મહાનગરપાલિકા

(૧) એ/૧ દુધ તમામ પ્રકારનાં દુધની બનાવટો જેવી કે દહી, ક્રીમ, માવો વગેરે
(૨) એ/૨ માખણ
(૩) એ/૨ ઘી
(૪) એ/૨ ખાદ્યતેલ અને વેજીટેબલ ઓઈલની બનાવટો
(૫) એ/૨ મીઠાઈ
(૬) એ/૨ રેસ્ટોરન્ટ અને તૈયાર રાંધેલ ખોરાકલ ભોજનાલય
(૭) એ/૨ ટી સેન્ટર
(૮) એ/૨ ફરસાણ / નમકીન
(૯) એ/૨ મસાલા – તેજાના
(૧૦) એ/૨ માર્ગેરીન
(૧૧) એ/૨ કનફેકસનરી બિસ્કીટ
(૧૨) એ/૨ ઠંડા પીણાં ( એરેટેડ વોટર્સ )
(૧૩) એ/૨ આઈસ કેન્ડી, મિલ્કકેન્ડી વિગેરે આઈસલોલી (પેપ્સી)
(૧૪) એ/૨ બેકરી પ્રોડકટસ ભઠીયાર ખાના
(૧૫) એ/૨ આઈસ્ક્રીમ
(૧૬) એ/૨ અનાજ, કઠોળ લોટ વિગેરે
(૧૭) એ/૨ ચા, કોફી
(૧૮) એ/૨ ફ્રુટ પ્રોડકટસ અથવા જામ, જેલી, જ્યુસ
(૧૯) એ/૨ સુકોમેવો
(૨૦) એ/૨ પાનમસાલા (ગુટખા)
(૨૧) એ/૨ પેકેજ ડ્રીકીંગવોટર, મીનરલ વોટર
(૨૨) એ/૨ ચણાદાણા, મેકરોની પોપકોન ચીકી

૨. ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ ૩૭૬ (૧) પ્રકરણ ૧૮ ના ભાગ ૧/૨/૩/૪ તથા સુરત મ્યુનીસીપલ રૂલ્સના ચેપ્ટર–૯ રૂલ ૨૨૫ (અ) અનુસાર.
મ્યુનીસીપલ હદમાં કોઈ પણ જગ્યા ઉપર **ખાદ્ય પદાર્થના** વેચાણ સંગ્રહ ઉત્પાદનના ધંધાને લગતો પરવાનો.

**લાઈસન્સ પાત્ર ધંધા / કામકાજ / પદાર્થની યાદી**

(૧) વાત યુકત પીણાઓ બનાવવા – વેચવા.
(૨) આઈસ ક્રીમ, આઈસ કેન્ડી, આઈસ ફ્રુટ, કુલ્ફી
(૩) ઘી, વનસ્પતિ તેલ
(૪) શાકભાજી સિવાય ટોપલી કે ટ્રે માં કોઈ પણ ખાદ્ય પદાર્થ
પીણું કે ફળ વેચાણ માટે રાખવું કે પ્રદર્શીત કરવું.
(૫) મીઠાઈની દુકાન કે બેકરી, હોટલ કે રેસ્ટોરન્ટ

૩. (૨) મુજબ અખાદ્ય પદાર્થના વેચાણ સંગ્રહ ઉત્પાદનના ધંધાનુ લગતો પરવાનો.

**લાઈસન્સ પાત્ર ધંધા / કામકાજ / પદાર્થની યાદી**

**(ક) વિસ્ફોટક પદાર્થ**

(૧) ગન પાઉડર
(૨) ગન કોટન
(૩) ડાયનેમાઈટ
(૪) નાઈટ્રો ગ્લીસીરીન
(૫) કોઈપણ વિસ્ફોટક પદાર્થ

**(ખ) અતિજ્વલનશીલ પદાર્થ**

(૧) કેરોસીન
(૨) ટર્પેન્ટાઈન
(૩) મિથીલેટેડ કે રેકટીફાઈડ સ્પીરીટ
(૪) ફુડ ઓઈલ કે કેરોસીન કરતા ઉતરતી શ્રેણીનું કોઈપણ તેલ
(૫) રેઝીન
(૬) દિવાસળી
(૭) કોઈપણ સળગી ઉઠે તેવો તથા વિસ્ફોટક પદાર્થ

**(ગ) જ્વલનશીલ**

(૧) હે (સુકુ ઘાસ), ફોડર, લાકડું, કોલ, ચારકોલ, ટાર, ડામર

**(ઘ) ધંધા કે કામકાજ**

(૧) બળદ કે યાંત્રીક બળથી ચાલતી તેલ કાઢવાની ઘાણી
(૨) ચામડું કમાવવું કે રંગવુ કે સંગ્રહ કરવું.
(૩) રંગાટીકામ
(૪) બકરા કે ઘેટાનાં આંતરડામાંથી તાંત બનાવવું.
(૫) હાડકાનો ધંધાર્થે સંગ્રહ કરવો.
(૬) ગેસ્ટ હાઉસ

૪. મ્યુનીસીપલ માર્કેટ / મટન / બીફ /ફીશ / શાકભાજીના વેચાણ માટે ધી બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ ની કલમ ૩૮૧ મુજબ.

## — : શરતો :—

લાયસન્સ અથવા પરવાના ધરાવનારાઓને

(એ) તે લાયસન્સ કે પરવાનામાં સ્પષ્ટ રીતે જણાવેલી વસ્તુઓ સિવાય બીજી કોઈ વસ્તુ વેચવા માટે મુકશે નહિ.

(બી) પોતાના સ્ટોલ કે બેઠક હંમેશા સ્વચ્છ રાખશે અને માંસ કાપવા માટેનું ઢીમચું તથા છરી દરરોજ ધોઈને સાફ કરશો.

(સી) કોઈપણ પ્રકારનો કચરો, ચામડી કે નાંખી દેવાનું માંસ મારકેટમાં લાવશે નહિ અથવા ત્યાં આજુબાજુ નાંખશે નહિ.

(ડી) પેટા કાયમ ૧ માં દર્શાવેલા અમલદારોને સઘળે વખતે પોતાના સ્ટોલ અથવા બેઠક તપાસવા માટે પુરેપુરી સગવડ કરી આપશે.

(ઈ) દરેક માસની શરૂઆતમાં અગર આરોગ્ય સમિતિ નકકી કરે તે પ્રમાણે અગાઉથી સ્ટોલ ફી આપશે.

(એફ) વખતો વખત જે જે કાનુનો, હુકમો અથવા પેટા કાયદા અમલમાં હોય તે મુજબ વર્તશે.

(જી) નગરપાલિકાના કોઈપણ અધિકારી જયારે જયારે લાયસન્સ જોવા માંગે ત્યારે જોવા માટે દરેક વખતે લાયસન્સ રજુ કરવું પડશે.

(એચ) મનુષ્યના ઉપયોગ માટે અયોગ્ય હોય એવો કોઈ માલ વેચવા માટે મુકશે નહિ.

(આઈ) મારકેટ સુપ્રીટેન્ડન્ટની અગાઉથી પરવાનગી લીધા વગર સતત પંદર દિવસ કરતાં વધુ સમય માટે સ્ટોલ બંધ રખાશે નહિ.

(જે) એકી વખતે સતત પંદર દિવસ કરતાં વધુ સમય માટે સ્ટોલ અગર બેઠક બંધ રહેશે તો પેટા કાયદા ૯ ના ધોરણો અનુસાર લાયસન્સ પાછું ખેંચી લેવાને પાત્ર થશે.

(કે) પરવાનો ધરાવનાર પોતેજ પોતાના સ્ટોલ ઉપર ધંધો કરવાને ફરજથી બંધાયેલ છે.

(એલ) સ્ટોલ ઉપર ઉંઘશે નહિ.

(એમ) નગરપાલિકાની મારકીટમાં કે એ અર્થે નકકી કરેલા વિસ્તારમાં ફેરી ફરીને વેચશે નહિ.

(એન) સુધરાઈ હદમાં ખાનગી જગા ઉપર શાકભાજી ફળફળાદી અને બીજી વસ્તુઓ વેચવા મુકવા માટે વાર્ષિક લાયસન્સ મેળવવું પડશે અને પેટા કાયદા ૪ (૧) અનુસાર લાયસન્સ ફી ભરવી પડશે.

(ઓ) લાયસન્સની મુદત પુરી થાય તે પહેલા, પછીના વર્ષ માટેની મુદત પ્રથમથી વધરાવ્યા સિવાય સ્ટોલોનો ભોગવટો થઈ શકશે નહિ અને મુદત વધારી આપવાની અરજી સાથે સદરહુ લાયસન્સ મોકલી આપવું પડશે.

(પી) પોતાના સ્ટોલની ઉપર વધુ પડતા પાકા તથા સડેલા તેમજ કાપીને ઉઘાડા મુકેલા ફળફળાદી તથા શાકભાજી વેચશે નહિ.

**ચેતવણી :–** પશુઓની ગેરકાયદેસર કતલ કરનારનું લાયસન્સ રદબાતલને પાત્ર થશે.

૫. ખાનગી જગ્યામાં મટન / ફીશ / શાકભાજીના વેચાણ માટે

૩૮૧ મુજબ

૬. બી.પી.એમ.સી. એકટ મુજબ ૪ પૈડાની ફરતી હાથલારી માટે ટોકન

૭. ચોપગા પશુ / પ્રાણી માટે ટોકન

પશુ પ્રમાણે ફોર્મ રૂા.૧૦/–, ૫૦ પૈસા, રૂા.૨/–,